આજે જનતા કરફ્યુ : પ્રજાને સહયોગ આપવા અપીલ

હિંમતનગર પાલિકા દ્વારા ખાણી-પીણીની લારીઓ બંધ કરાઈ : મહારાષ્ટ્ર અને રાજસ્થાનથી આવતી લક્ઝરીઓ તપાસાઈ : જિલ્લા વહિવટીતંત્ર દ્વારા લોકજાગૃતિ લાવવાના સઘન પ્રયાસો

હિંમતનગર, તા. ૨૧

નોવેલ કોરોના વાયરસને લઈને સમગ્ર વિશ્વમાં હાહાકાર

મચી ગયો છે. ત્યારે ભારતમાં તેની વધુ વ્યાપક અસરો થવાના ભયને લઈને વડાપ્રધાને દેશવાસીઓને રવિવાર તા. ૨૨ માર્ચના રોજ પ્રજાને સ્વયંભુ જનતા કરફ્યુ પાડીને ઘરે રહેવા માટે અપીલ કરી છે. ત્યારે રાજ્યના વહીવટીતંત્ર દ્વારા પણ શનિવારે લોકોમાં જાગૃતિ લાવવાના સઘન પ્રયાસો કરાયા હતા. સાબરકાંઠા જિલ્લામાં તંત્ર દ્વારા શુક્રવારે રાતથી ૧૪૪ની કલમ લાગુ કરી દેવાઈ છે જેની અસરો શનિવારે જોવા મળી હતી. દરમ્યાન રવિવારે જનતા કરફ્યુ હોવાને કારણે એસ.ટી. નિગમની તમામ બસોની સેવા રોકી દેવાશે. હિંમતનગર નગરપાલિકાએ પણ શનિવારે નગરજનોને અપીલ કરતા જણાવ્યું હતું કે સીટી બસ સેવા પણ બંધ રહેશે. પોલીસતંત્રએ પણ જનતા કરફ્યુ માટે લોકોને સહયોગ આપવા જણાવ્યું છે.

કોરોના વાયરસને પગલે આ રોગ વધુ ન ફેલાય તે માટે ગુજરાતના મુખ્યમંત્રીએ ખાસ આદેશો કરીને પ્રજાને સાવધ રહેવા તથા રવિવારના જનતા કરફ્યુ દરમ્યાન ઘરે રહેવા તાકીદ કરી છે જેને લઈને સાબરકાંટા જિલ્લાના ૮ તાલુકાઓમાં આવેલા જનસેવા કેન્દ્રો શનિવારથી આગામી તા. ૩૧ માર્ચ સુધી બંધ રાખવાના આદેશ કરાયા છે. સાવચેતીના પગલારૂપે જિલ્લા કલેક્ટરે કલમ ૧૪૪ લાગુ કરીને ચારથી વધુ લોકોને ભેગા થવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. જિલ્લા આરોગ્ય વિભાગ અને પોલીસતંત્ર સહિત અન્ય સંલગ્ન વિભાગોએ પણ કોરોના વાયરસ અંગે લોકોમાં વધુ જાગૃતિ લાવવાના પ્રયાસો પણ એડીચોટીનું જોર લગાવીને પ્રયાસ કરાઈ રહ્યા છે.

ગુજરાતમાં પરિસ્થિતિ વધુ વણસે નહી તે આશયથી ગુજરાત રાજ્ય એસ.ટી. નિગમની તમામ બસો રવિવારે જનતા કરફ્યુ લઈને બંધ રહેશે જેના માટે તમામ વિભાગીય કચેરીઓને જાણ કરી દેવામાં આવી છે. બીજુ તરફ હિંમતનગર નગરપાલિકા દ્વારા શહેરના તમામ વિસ્તારોમાં રોડની સાઈડમાં અથવા તો અન્ય સ્થળે ઉભી રહેતી ખાણી-પીણીની લારીઓને પણ શનિવારથી બંધ કરાઈ દેવામાં આવી છે. પોલીસતંત્રએ પણ લોકોમાં જાગૃતિ આવે તે માટે અપીલ કરી છે. હિંમતનગર પાલિકા દ્વારા માસ્કનું વિતરણ કરવાનું આયોજન કરી દેવાયું છે.

હિંમતનગરમાં આવેલ તમામ સરકારી કચેરીઓ સહિત સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં કોરોના વાયરસના પગલે કર્મચારીઓ તથા બેંકના ખાતેદારોના સેનેટાઈઝરનો ઉપયોગ કરવા માટે સમજાવાયુ હતુ.

જનતા કરફ્યુના પગલે રવિવારે હિંમતનગર સહિત જિલ્લાના તમામ સ્થળે દોડતા ખાનગી વાહનો પણ બંધ રહેશે. ખાણીપીણીની લારીઓ તથા હોટલો પણ બંધ રાખવા માટે તંત્રએ આદેશ કર્યા છે. આરોગ્ય વિભાગના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગરના અલ્તાફ હુસેન મલેશીયાથી આવ્યા હોવાથી તેમનું સ્કેનીંગ કરાયુ હતુ. અને તંત્રની સુચના ન મળે ત્યાં સુધી અન્ય લોકોના સંપર્કમાં ન આવવા તાકીદ કરાઈ છે. તથા જિલ્લાવાસીઓને વિદેશથી અથવા ગુજરાત સિવાયના અન્ય પ્રાંતમાંથી કોઈ આવે તો તેમને નજીકના આરોગ્ય કેન્દ્રમાં પ્રાથમિક તપાસ કરાવવા માટે અનુરોધ કરાયો છે. આ લખાય ત્યાં શનિવારે સાંજે ૫ વાગ્યા સુધી હિંમતનગરની સિવિલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં કોઈ શંકાસ્પદ દર્દીને લવાયા નથી. સિવિલ સર્જન ડૉ. એન.એમ. ગાંધીના જણાવાયા મુજબ તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૦ થી તા. ૨૧ માર્ચ સુધીમાં જિલ્લામાં કોરોના વાયરસના ૧૩ શંકાસ્પદ દર્દીઓ નોંધાયા હતા. આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ તા. ૧ માર્ચથી ૨૦ માર્ચ દરમ્યાન વિદેશથી સાબરકાંઠામાં આવેલા પ્રવાસીઓને ફરજીયાતપણે ૧૪ દિવસ હોમ કોરોન્ટાઈન (ઘરમાં) રહેવા આદેશ કરાયા છે અને જો તેનું પાલન નહી થાય તો તેવી વ્યક્તિ સામે કાયદેસરની કાર્યવાહી કરાશે.

સાબરકાંઠા એસ.ટી. ડીવીઝનને ૪૦ લાખની ખોટ જશે

રવિવારે જનતા કરફ્યુને લઈને એસ.ટી. નિગમ દ્વારા રાજ્યની તમામ એસ.ટી. બસોને બંધ રાખવાનો નિર્ણય કરાયો છે. ત્યારે સાબરકાંઠાના હિંમતનગર વિભાગીય કચેરી હસ્તકના આઠ ડેપો દ્વારા દોડાવાતી ૫૬૨ બસો થકી ૩૨૦૦ ટ્રીપ રદ કરાઈ છે જેના લીધે અંદાજે રૂ. ૪૦ લાખની આવક ગુમાવવી પડશે એમ ડીવીજનલ કંટ્રોલર ગોસ્વામીએ જણાવ્યું હતું.

કતપુર ટોલટેક્ષ પર લક્ઝરીઓ તપાસાઈ

કોરોના વાયરસના પગલે શુક્રવારે રાત્રે ૧૨ વાગ્યાથી મહારાષ્ટ્રમાંથી તથા રાજસ્થાનથી આવતી તમામ ખાનગી લક્ઝરીઓમાં જઈ રહેલા મુસાફરોને ટેમ્પ્રેચર ગનથી તપાસવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ શનિવારે બપોર સુધીમાં મહારાષ્ટ્રથી આવતી ૧૦૦ અને રાજસ્થાન તરફથી આવતી ૯૦ બસોને તપાસવામાં આવી હતી.

કોરોના વાયરસે સમગ્ર વિશ્વમાં ભારે દહેશત ફેલાવી છે.જીવલેણ,ભયાનક વાયરસના કારણે આજ દિન સુધીમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે.કોરોના વાયરસનો ભય દિન-પ્રતિ-દિન વધતા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સાવચેતીના પગલા ભરે છે.ભિલોડા ગ્રામ પંચાયત કચેરી,વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સતત એલર્ટ બન્યું છે.કોરોના વાયરસના ભયને હટાવવા જન જાગૃતિ કેળવાઈ છે. ભિલોડા તાલુકા મથક ખાતે કોરોના વાયરસની દહેશત વચ્ચે આજે બપોર બાદ સલામતીના ભાગ રૂપે બજારોમાં દુકાનો સદંતર બંધ કરાવાઈ હતી.બજારો સુમસામ ભાસી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે જાણે કે બજારોમાં કરફ્યું જેવો માહોલ પ્રવર્તી રહ્યો છે. એક તરફ ભયાનક મંદીના માહોલ વચ્ચે કોરોના વાયરસની દહેશત હોઈ પ્રજાજનોની અવરજવર એકાએક ઘટતા વેપારીઓની આર્થિક કમર દિન-પ્રતિ-દિન તુટતી જાય છે.જાહેર કાર્યક્રમો,ધાર્મિક કાર્યક્રમો,બેસણું,બારમું સદંતર બંધ રખાયા છે.

ભિલોડા ગ્રામ પંચાયત કચેરીના સત્તાધીશો કોરોના વાયરસ અન્વયે એલર્ટ ભિલોડા તાલુકા મથક ખાતે સફાઈ અભિયાન આરંભાયુ છે.દવા છંટકાવની કાર્યવાહી હાથ ધરવાની સાથે-સાથે જાહેર સ્થળો પર થુંકતા,ગંદકી ફેલાવતા લોકો સામે દંડનીય કાર્યવાહી કરાઈ હતી. કોરોના વાયરસ અટકાવવા સંદર્ભે સઘન ઝુંબેશ હાથ ધરી છે.ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ અબિકાબેન ગોરધનભાઈ ગામેતી, તલાટી ક્રમ મંત્રી ગોપાલભાઈ ભટ્ટએ જણાવ્યું હતું. કોરોના વાયરસથી ગભરાવાની જરૂર નથી પરંતુ સાવચેતી પગલા ભરવા આવશ્યક છે. ભિલોડા એસ.ટી.બસ સ્ટેશનમાં સતત મુસાફરો અને વિદ્યાર્થીઓની અવરજવરથી હંમેશાં ભરચક રહેતું હતું પરંતુ કોરોના વાયરસના ભયના કારણે એસ.ટી.બસ સ્ટેશનમાં નહીવત મુસાફરો જોવા મળી રહ્યા છે.ભિલોડા એસ.ટી.બસ ડેપોની આવકમાં ધરખમ ઘટાડો નોંધાયો છે.વિશ્વભરમાં કોરોના વાયરસનો આતંક ભરડો લઈ રહ્યો છે ત્યારે સર્વત્ર ભારે દોડધામ મચી ગઈ છે.

પ્રાંતિજ માર્કેટયાર્ડ બંધ

સાબરકાંઠા જિલ્લા સહિત કોરોના કહેરને લઈને ગુજરાત દેશ દુનિયામાં અત્યારે હાહાકાર મચી ગયો છે, તો પ્રાંતિજમાં ખેતીમા હબ ગણાતુ ફલાવર વિવિધ માર્કેટયાર્ડ બંધ રહેતા ખેડૂતો કફોડી સ્થિતિમાં મુકાયા છે ને તૈયાર થયેલ પાક ખેતરોમાં એમના એમ પડી રહ્યો છે.

હાલ કોરોના એ દેશ સહિત વિદેશોમાં હાહાકાર મચાવ્યો છે જયારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં પણ તેની અસર ખેતી ઉપર જોવા મળી છે અને ફલાવરની ખેતી કરતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે જેમાં એકબાજુ ફલાવરના ભાવ નીચે ગયાં છે તો બીજીબાજુ ખેતરોમાં ફલાવરનો પાક તૈયાર થઈ ગયો છે અને મોટા ભાગે પ્રાંતિજ સહિત મુંબઈ, દિલ્હી, પુના, સુરત, બરોડા, રાજસ્થાન સહિતના માર્કેટયાર્ડ તથા ટ્રાન્સપોર્ટ બંધ રહેતા હાલ તો ખેડૂતોના ખેતરોમાં તૈયાર થયેલ પાક પડી રહ્યો છે ત્યારે પ્રાંતિજ સહિત તાલુકા માં ફલાવરની ખેતી કરતા ખેડૂતો ઉપર એક પછી એક ચિંતાના વાદળો ઘેરાયા છે. પહેલા ભાવ ના મલ્યો હવે કોરોના વાયરસને લઈને વિવિધ શહેર રાજ્યોમાં માર્કેટયાર્ડ બંધ રહેતા તથા ટ્રાન્સપોર્ટ પણ બંધ રહેતા માલનો પણ ઉપાડ બંધ થયો છે ત્યારે હાલ તો તૈયાર થયેલ પાક ખેતરોમાં એમના એમ પડી રહેતા તેવો કફોડી સ્થિતિમાં મુકાયા છે.

વડગામમા કોરોના ઈફેક્ટ : સરકારી કચેરીઓ સુમસામ બની

વડગામ, તા. ૨૧

સમગ્ર વિશ્વમાં હાલમાં કોરોના વાયરસે હાહાકાર મચાવી દીધી છે. આ વાયરસનો ભોગ બનવાનું ભારત અને ગુજરાત પણ

બાકી રહ્યું નથી.

ગુજરાતના કેટલાક શહેરોમાં પણ કોરોના વાયરસના શંકાસ્પદ કેસ નોંધાઈ રહ્યા છે. ત્યારે સરકાર અને તંત્ર દ્વારા હાઈ એલર્ટ બનીને મહાબીમારીના સંક્રમણથી બચવા અપીલ કરાઈ રહી છે. બનાસકાઠા જિલ્લા મેજિસ્ટ્રેટ સંદિપ સાગલે અને પાટણ જિલ્લા મેજિસ્ટ્રેટ એન.ડી. પરમારે કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે ૧૪૪ની કલમ લાગુ કરી દેવાઈ છે. ચારથી વધુ લોકોને ભેગા થવા ઉપર પ્રતિબંધ ફરમાવાયો છે. બનાસકાઠા જિલ્લાના વડગામ તાલુકા મથકે આવેલ સરકારી કચેરીઓ લોકો વગર સુમસામ બની રહી છે. વડગામ તાલુકા પંચાયત કચેરી સવારથી જ અરજદારો અને કોન્ટ્રાક્ટરોથી રોજની ધમધમતી રહેતી હોય છે. પરંતુ હાલમાં કોરોના વાયરસની મહા બીમારીને લઈને વડગામ સરકારી કચેરીઓ લોકો વગર સુમસામ બની ગઈ છે.

જુના ડીસામાં ૧૦ નાગરિકોને ૧૪ દિવસ ઘરે રહેવાનો આદેશ

જુનાડીસા, તા. ૨૧

મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના હાહાકારના કારણે અનેક વિસ્તારો લોક ડાઉન કરી દેવાયા છે તેથી ખાસ કરીને ધંધાર્થે મુંબઈ

રહેતા બનાસવાસીઓએ વતનની વાટ પકડી છે પરંતુ તેમના આગમનથી કોરોનાની નહિવત અસરવાળા જિલ્લાના ગામોમાં દહેશતનો માહોલ છવાયો છે. ડીસા નજીકના જુનાડીસા ગામે પણ મુંબઈથી દેવીપૂજક સમાજના ૧૦ ઈસમો આવી પહોંચતા તાબડતોબ સરપંચ બબાભાઈ દેસાઈ અને મેડીકલ ઓફિસર ડૉ. સુલતાન સિપાઈ ટીમ સાથે દોડી ગયા હતા અને પ્રાથમિક સારવાર આપી હતી બાદમાં ડીસા તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. જીગ્નેશ હરિયાણી પણ દોડી આવ્યા હતા અને ગ્રામજનોના હિતમાં તેમને ૧૪ દિવસ સુધી ઘરમાંથી બહાર ન નીકળવાની તાકીદ કરી હતી.

જો કે ગામના ઘણા પરિવાર ધંધાર્થે મેગા શહેરોમાં રહે છે પણ ત્યાં કોરોનાના કારણે સ્થિતિ વણસી રહી છે તેથી આ પરિવારો પણ માદરે વતનમાં આવે તેવી પૂરેપૂરી શકયતા છે જેના કારણે ગામમાં જોખમ ઉભું થવા સાથે સ્થિતિ બેકાબુ બનવાની શકયતા નકારી શકાતી નથી. તેના માટે આરોગ્ય તંત્ર આગોતરૂ આયોજન ગોઠવે તેવો જનમત પ્રવર્તે છે.

કોરોના ખોફ : મોડાસા સહિત અરવલ્લી જિલ્લામાં બજારો બંધ, રસ્તા સુમસામ

બાયડની વાત્રક હોસ્પિટલમાં શંકાસ્પદ કોરોનના દર્દીનો રિપોર્ટ નેગેટિવ

બાયડ, તા. ૨૧

ગુજરાતમાં કોરોના વાયરસે પગપેસરો કર્યા બાદ દરરોજ તેના પોઝિટીવ કેસોની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. ગુજરાતમાં કોરોના વાયરસના અત્યાર સુધી કુલ

૧૩ પોઝિટિવ કેસ સામે આવી જતા હાહાકાર મચી જવા પામ્યો છે. અરવલ્લી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા કલમ-૧૪૪ લાગુ કરી દેવામાં આવી છે. કોરોનના હાઉંના પગલે શનિવારે મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં મોટાભાગના રસ્તાઓ સુમસામ જોવા મળ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્રજોગ સંબોધનમાં કોરોના વાઈરસને હરાવવા માટે રવિવારે જનતા કરફ્યુના એલાન પછી લોકો કોરોના વાઈરસના સંક્રમણને ગંભીરતા પૂર્વક લેતા થયા હોય તેમ મોડાસા શહેર સહીત જીલ્લામાં પ્રજાજનોએ કામ વગર ઘરની બહારનું ટાળી રહ્યા હોય તેમ લોકોની અવર-જવર ખુબ જ જૂજ જોવા મળી હતી.

બાયડના ગ્રામ્ય વિસ્તારમાં દુબઈથી આવેલા યુવક વતનમાં આવ્યો હતો, શરદી-ખાંસી અને તાવના લક્ષણો જણાતા યુવકને વાત્રકની હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરી તેના પરિવારજનોને પણ વાત્રક હોસ્પિટલમાં આઈસોલેટેડ કરવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગે યુવકનો કોરોનનો રિપોર્ટ કરાવતા યુવકનો કોરોનનો રિપોર્ટ નેગેટિવ આવતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

અરવલ્લી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા શુક્રવારથી કોરોના વાઈરસનાં ગંભીરતાના પગલે કલમ-૧૪૪ લાગુ કરી દેવામાં આવી છે. મોડાસા શહેરમાં નગરપાલિકા તંત્રએ કલમ-૧૪૪ની અમલવારી સખ્તાઈ પૂર્વક થાય તે માટે શહેરમાં આવેલી તમામ પાન-પાર્લર ખાણી-પીણીની દુકાનો અને સ્ટોલ ધારકો સહીત મોટી સંખ્યામાં એકત્રિત થાય તેવા તમામ ધંધા-રોજગારના સ્થળોએ બંધ કરાવવા સમજાવટ હાથ ધરી હતી. મોડાસા શહેરમાં પાન-પાર્લર સહીત ખાણી-પીણીની દુકાનો અને સ્ટોલધારકોએ પણ સહકાર આપતા બંધ કરી દેતા મોડાસા શહેરનું ધબકતું જનજીવન થંભી ગયું હોય તેવી સ્થિતિ પ્રવર્તી રહી છે.